
# મહાઆરતીમાં મહામાનવની આકૃતિ



ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવ દરમિયાન આસો સુદ આઠમે યોજાતી મહા આરતીમાં આ વર્ષે 30 હજાર જેટલા દીવડાના ઝગમગાટમાં મહાત્મા ગાંધી બાપુ ઝળક્યા હતા. લગભગ 30 હજાર જેટલા લોકોએ હાથમાં દિવડા લઈને મહાત્મા ગાંધીની આકૃતિ સર્જી હતી. લોકોએ હાથમાં દીવડા લઈને મા આદ્યશક્તિની મહાઆરતી ઉતારી ત્યારે વિશાળ મેદાનમાં એકી સાથે 30 હજાર જેટલા દીવડાના ઝગમગાટથી અલૌકિક વાતાવરણનું નિર્માણ થયું હતું. અદ્‌ભૂત મહાઆરતીમાં સહભાગી થવાનો લ્હાવો લેવા માનવ મહેરામણ ઊમટ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમની ૨૫ વર્ષની પરંપરા પ્રમાણે આ વર્ષે પણ અભૂતપૂર્વ મહાઆરતીનું આયોજન કરાયું હતું. સમગ્ર ભારત દેશ જ્યારે પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવી રહ્યો છે ત્યારે ગાંધીનગર અને ગાંધીનગર કલ્ચરલ ફોરમે પણ આ રીતે પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલી આપી છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનનું ૨૫ મુ વર્ષ પ્રશન્નતા વર્ષ તરીકે ઉજવી રહયું છે ત્યારે પ્રશન્નતા એ ગાંધીનગરનો સ્થાયી ભાવ બને એવી ભાવના અને મનોકામના સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમે મહાઆરતીનું આયોજન કર્યું હતું. આ આયોજનને ગાંધીનગરના અને આસપાસના લાખ્ખો લોકો એ પ્રચંડ પ્રતિસાદ આપ્યો હતો.

## ૯મીથી ધો. ૧-૨ના બાળકોની ત્રિમાસિક નિદાન કસોટી

**૧૧મીથી જિલ્લાની પ્રા. શાળામાં પરીક્ષાઓ શરૂ થશે : દિપાવલી પછી ઉપચારાત્મક વર્ગનુ આયોજન કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૭

નવરાતનુ પર્વ તેના અંતિમ ચરણમાં પ્રવેશી ચુક્યુ છે ત્યારે બીજી તરફ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પ્રથમ સત્રાંત મૂલ્યાંકનની તૈયારીઓ શરૂ કરાઈ છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આગામી ૯ અને ૧૦ ઓક્ટો. દરમ્યાન ધો. ૧ અને ૨ ના બાળકોની દ્વિતીય સામયિક મૂલ્યાંકન યોજવામાં આવશે.

આ બાળકોનું ગણન અને વાંચન અંગે મૂલ્યાંકન કરવામાં આવશે. આ મૂલ્યાંકન પછી બાળકોનો જે અહેવાલ તૈયાર થશે તેના આધારે ઉપચારાત્મક વર્ગનું આયોજન કરવામાં આવશે.

ધો. ૧ અને ૨ ના બાળકોનુ આ મુલ્યાંકન મહત્વનું બની રહેશે. આ મૂલ્યાંકનની કામગીરી માટે જી.સી.આર.ટી. દ્વારા ખાસ પ્રશ્ન બુક પણ તૈયાર કરવામાં આવી છે. આનુ સમગ્ર સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કરવામાં આવશે.

આ મૂલ્યાંકનની કામગીરી સંપન્ન થયા બાદ ધો. ૩ થી ૮ નું પ્રથમ સત્રાંત મૂલ્યાંકન શરૂ થશે.

આમ શિક્ષણ વિભાગ દ્વારા દિપાવલી વેકેશન પહેલાં જ મૂલ્યાંકનની કામગીરી સંપન્ન થઈ જશે અને આ પછી વેકેશન ખુલતાં જ ઉપચારાત્મક વર્ગની કામગીરી પણ ચાલુ થઈ જશે.

ધો. ૧ અને ૨ નું આ પ્રકારનું મૂલ્યાંકન બીજીવાર ત્રણ મહિનાને અંતે યોજવામાં આવી રહ્યુ છે જેથી બાળકની પ્રગતિનો સાચો વિચાર તંત્રને મળી શકે તેવો દાવો શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે પહેલીથી જ બાળકને ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુ સબબ આ અભિગમ અપનાવવામાં આવ્યો છે.

### બેસણું



અમારા માતૃશ્રી **નિર્મળાબેન દિનકરલાલ સુતરીયા** નું તા.૭-૧૦-૨૦૧૯ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૯-૧૦-૨૦૧૯ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૧, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર**

ઉર્વશી બલદેવભાઈ રાવલ (પુત્રી)
કુ.ભારતી દિનકરલાલ સુતરીયા (પુત્રી)
ચંદ્રકાન્ત દિનકરલાલ સુતરીયા (પુત્ર)
નિલેશ દિનકરલાલ સુતરીયા (પુત્ર)
રમણભાઈ ત્રિકમલાલ સુતરીયા (જેઠ)
દિક્ષીતભાઈ ત્રિકમલાલ સુતરીયા (દિયર)
ચંદ્રકાન્તભાઈ ભીખાભાઈ પરમાર (દિયર)
તથા સમસ્ત પરિવાર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

## ઉવારસદમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે કોઈ લાભાર્થી જ નથી !!

**ગ્રામસભામાં ગ્રામજનોએ થઈ રહેલા અન્યાયની વાતો રજુ કરતાં ડે. ડીડીઓ ચોંકી ઉઠ્યા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવાનો એકપણ લાભાર્થી નહિ હોવાની ચોંકાવનારી રજુઆત સાથે જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાનનો આરંભ થયો છે.

ઉવારસદ ગામે આજે યોજાયેલ ગ્રામસભામાં ગ્રામજનોએ આ બાબતે રજુઆત કરતાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ બાબતે તત્કાલ જવાબ આપવાનુ ટાળ્યુ હતુ પરંતુ કચેરીમા આવી જિલ્લા આરોગ્ય અધિકારી સાથે ચર્ચા કરી ત્યારે આ ગામમાં એક પણ લાભાર્થી નહિ હોવાનો ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

ગ્રામજનોએ રખડતા પશુઓની સમસ્યા અંગે તેમજ ગાંધીનગરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલ ગામને કોઈપણ પ્રકારની ગાંધીનગર સાથે બસ કનેક્ટીવીટી નહિ હોવા અંગે પણ ઉગ્ર રજુઆત કરી હતી. ગ્રામજનોએ સ્વચ્છતા સંદર્ભે પણ કેટલીક રજુઆતો કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાન શરૂ થયુ છે. તંત્ર માટે ઉવારસદ ગામની ગ્રામસભા જ પ્રથમ ગ્રાક્ષે મક્ષિકા જેવુ થયુ છે. ૧૯૯૭થી આરોગ્યની જેટલી યોજનાઓ રાજ્ય સરકારે કરી તેમાંથી એક પણ યોજનાનો લાભાર્થી આ ગામમાં નથી એવી વિચિત્ર રજુઆત પછી તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લામાં ૩૧મી ડિસેમ્બર સુધી આ અભિયાન ચાલવાનુ છે. ગ્રામસભામાં ૨૦૨૦-૨૧ના વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા સહિત ઘણા બધા મહત્વના મુદ્દાઓની ચર્ચાઓ થવાની છે. આ અભિયાન માટે તંત્રએ દરેક ગ્રામસભા માટે લાયઝન અધિકારીની નિયુક્તી પણ કરી છે જેમાં અધિકારીએ ગ્રામસભામાં હાજરી આપી અને પ્રશ્નોના નિકાલ માટે કામગીરી કરવાની છે જે નોંધનીય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટની રાત્રે કોઈ બસ જ આવતી નથી

**મુસાફરો રાત્રિના ૯ થી ૧૧ સુધી બસ સ્ટોપ પર વલખા મારતા આક્રોશ**



ગાંધીનગર તા ૭

ગાંધીનગર અમદાવાદ વચ્ચે રાત્રિના સમયે આમ નાગરિકોને એસ ટી ની સલામત સવારી માટે કલાકો સુધી બસ સ્ટેન્ડ પર વલખા મારવા પડતા હોવાનો રોષ પ્રબળ બન્યો છે. નવરાતના પર્વ દરમિયાન પણ મુસાફરોને રાત્રિના ૯ થી ૧૧ ના સમયગાળા દરમિયાન સતત બે કલાક સુધી બસ ન મળતા મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરી બસ સેવાનો રાત્રિ રૂટ ખોરવાયો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કાર્યરત શહેરી બસ સેવા છેલ્લા કેટલાક સમયથી અનિયમિત હોવાનો રોષ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા કર્મચારીઓ સહીત વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જેના લીધે પોઈન્ટની બસ સેવા પણ કાર્યરત છે.

જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી બસ સેવામાં મોડી રાત સુધી પેસેન્જરોનો વિશેષ ઘસારો જોવા મળે છે. તેમાંય ખાસ કરીને તહેવારના દિવસોમાં મુસાફરોની વિશેષ ભીડ જોવા મળે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે ગાંધીનગર અમદાવાદ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com